## ‘Detailed Surrender’ / ‘સર્વાંગ સમર્પણ’

Once The Mother explained to me the significance of the flower named ‘Detailed Surrender’. It is a small China Rose – a very small pink-coloured flower. The Mother said, “Detailed Surrender means the surrender of all your thoughts, feeling, actions, movements. You say to the Divine, ‘I give you, so that I get nearer to you.’ As you offer a flower, you can offer these feelings, thoughts or actions. Whenever you have some such things, you imagine that I am there, in front of you and you say, ‘I give this to you’. I know it and I receive it.” … And this Is true even now.

– CHITRA SEN

*

એક વાર શ્રી માતાજીએ મને ‘Detailed Surrender’ ફૂલનો સાંકેતિક અર્થ સમજાવ્યો, તે નાનકડું ચાઈનીઝ ગુલાબ છે - ઘણું નાનું ગુલાબી પુષ્પ. શ્રી માતાજીએ કહ્યું “Detailed Surrender નો અર્થ થાય છે: તમારા વિચારો, લાગણીઓ, કર્મો, ગતિવિધિઓ સર્વનું સર્વાંગ સમર્પણ. તમે પ્રભુને કહો છો, ‘આ હું અર્પું છું જેથી હું આપની વધુ નજીક આવું.’ જેમ તમે પુષ્પ અર્પણ કરો છો તેવી જ રીતે તમે તમારી લાગણીઓ, વિચારો કે કર્મોનું પણ સમર્પણ કરી શકો છો. જયારે પણ તમારી અંદર આવી કોઈ વસ્તુઓ હોય, ત્યારે તમે કલ્પીલો કે હું ત્યાંજ તમારી સમક્ષ હાજર છું અને તમે કહો, ‘આ હું આપને આપું છું’  હું તે જાણું છું અને તેને ગ્રહણ કરું છું.” … અને આ વસ્તુ આજે પણ સત્ય છે.

– ચિત્રા સેન

From: “Remembering The Mother…

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2025**
**MAY**
૧ મે, ૨૦૨૫

## मामेकं शरणं व्रज |
માત્ર મારા શરણે આવ.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज |
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

[Gita – 18/66]

Abandon all dharmas
and take refuge in Me alone.
I will deliver thee from
all sin and evil, do not grieve.

સઘળા ધર્મો (સામાન્ય નિયમો તથા સંપ્રદાયો) ને ત્યજીને માત્ર મારામાં શરણ લે. હું તને સર્વ પાપ અને અશુભમાંથી મુક્ત કરીશ, શોક ન કર.

[ગીતા – ૧૮/૬૬]

## The Surrender

The Gita indicates that… the surrender must be without reservations; our Yoga, our life, our state of inner being must be determined freely by this living Infinite, not predetermined by our mind's insistence on this or that dharma or any dharma. The divine Master of the Yoga, *yogeswarah krsnah*, will then himself take up our Yoga and raise us to our utmost possible perfection, not the perfection of any external or mental standard or limiting rule, but vast and comprehensive, to the mind incalculable. It will be a perfection developed by an all seeing Wisdom according to the whole truth, first indeed of our human Swabhav, but afterwards of a greater thing into which it will open, a spirit and power illimitable, immortal, free and all transmuting, the light and splendour of a divine and infinite nature.

– SRI AUROBINDO

'THE ESSAYS ON THE GITA'
P. 540 (VAK)

## સમર્પણ

ગીતા કહે છે કે ... આત્માનું સમર્પણ નિ:શેષ થવું જોઈએ. આપણો યોગ આપણું જીવન આપણી અંતરની વ્યવસ્થા આ સજીવ અનંતને હાથે મુક્તપણે નિર્માણ થવું જોઈએ. આપણા મનના આ કે તે ધર્મ માટેના, કે કોઈ પણ ધર્મ  માટેના, આગ્રહ વડે એને આપણે પહેલેથી નિર્મિત કરવાં ન જોઈએ. આ યોગનો ઈશ્વર કૃષ્ણ એને સ્વીકારી પોતે ત્યાર પછી આપણો યોગ પોતાના હાથમાં લઈ લેશે અને આપણને પૂર્ણતાની શક્ય પરાકાષ્ઠાએ પહોંચાડશે, કોઈ બાહ્ય કે માનસિક ધોરણની, કે મર્યાદિત કરનાર નિયમની પૂર્ણતા પ્રત્યે નહિ, પરંતુ મનને માટે અપરિમેય એવી અસીમ અને સર્વગ્રાહી પૂર્ણતા પ્રત્યે આપણને તે લઈ જશે. એ પૂર્ણતા સર્વનું એકસાથે દર્શન કરનાર જ્ઞાને સમગ્રના સત્ય અનુસાર વિકસાવેલી પૂર્ણતા હશે, - એ સત્યમાં સૌથી પહેલું તો આપણા માનવ-સ્વભાવનું સત્ય જરૂર હશે; પરંતુ પછીથી, એનાથી જે વધારે મહાન વસ્તુ પ્રત્યે તે સ્વભાવ ખુલ્લો થશે તેનું પણ સત્ય હશે. એ બ્રહ્મનું, અમર્યાદ શક્તિનું, અમર, મુકત અને સર્વ રૂપાંતર સાધનારું એક દિવ્ય અને અનંત પ્રકૃતિની જ્યોતિ તથા મહિમાવાળું સત્ય પણ હશે.

– શ્રી અરવિન્દ

'ગીતા-નિબંધો' પૃ. ૬૫૭
અનુ. અંબાલાલ પુરાણી